# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited Grade A by NAAC*


નં. એસ.સી.-એસ.ટી. સેલ/૫૯/'૧૮ તા.૦૧/૧૦/'૧૮

વિષય :- રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલનો ઉપયોગ કરવા બાબત.

સંદર્ભ :- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૦/૦૯/૨૦૧૮ના પત્ર ક્ર. નં.હ-૨/સ્કો/૨૦૧૭/૨૩૯૭-૨૮૭૦

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર પરત્વે જણાવવામાં આવે છે કે, રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ પર ૨૦૧૮-૧૯ના વર્ષની અરજીઓ ઓનલાઇન કરવાની થાય છે. આ અરજીઓ મોકલવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮ છે. જેનું એડ્રેસ https://www.digitalgujarat.gov.in છે. આ અંગેની તમામ માહિતી આ સાથે સામેલ પત્રમાં જણાવેલ છે. તો આપને ત્યાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના લાભાર્થે સદર પરિપત્ર આપના નોટીસ બોર્ડ પર મૂકવા તથા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે ) સહી/-

(ડૉ. ધીરેન ડી. પંડ્યા )
કુલસચિવ

બિડાણ :
સંદર્ભિત પત્ર

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ તરફ..........

રવાના કર્યું
નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

નકલ સાદર રવાના :
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારૂ :
(૧) જોડાણ વિભાગ (૨) પી.જી. વિભાગ
(૩) આંકડા વિભાગ (૪) યુ. જી. સી. વિભાગ
(૫) કોમ્પ્યુટર સેન્ટર


COMPUTER CENTRE
Saurashtra University
01 ~~SEP~~ Oct. 2018
Inward No. ~~230~~ 230.
Sign.......


14 D:\SCST\01-01-2018\Stencil (PARIPATRA) - 2018.doc

Scanned by CamScanner

JRD HC

ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮

ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૭/૨૩ ૬૭-૨૮
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૨૦/૦૯/૨૦૧૮

પ્રતિ,
- ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
- આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..

વિષય:- રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંક:હ-૨/સ્કો/ ૨૦૧૭/ ૧૬૦૭-૨૧૩૯

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉકત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. જેનો અમલ ગયા વર્ષથી કરવામાં આવેલ છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી કોલેજોના વિધાર્થીઓ માટે (૧) ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે (૨) સંશોધન શિષ્યવૃત્તિ યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે વિકસાવવામાં આવેલ ઓન લાઈન પોર્ટલની મદદથી ગયા વર્ષે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ હતી.

જેનું વેબ એડ્રેસ https://www.digitalgujarat.gov.in છે. જેથી તેનો ઉપયોગ કરીને સને.૨૦૧૮-૧૯ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે જણાવવામાં આવે છે જેમાં અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮ નિયત થયેલ છે. યોજનાની વિગતો પોર્ટલ ઉપર મૂકવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ સંશોધન શિષ્યવૃત્તિ નો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે કોલેજ/સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવશો અને પાત્રતા ધરાવતો કોઈ વિધાર્થી આ શિષ્યવૃત્તિઓના લાભથી વંચિત ન રહી જાય તે પ્રમાણેની કાર્યવાહી કરશો.

Scanned by CamScanner

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના કોલેજ/યુનિ. કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને સદર કાર્યવાહી તા.૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવે છે. ઓન લાઈન અરજી કરવા માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની થશે.

www.digitalgujarat.gov.in → Student coner →Scholarship → concern Scholarship scheme* → Apply online પરથી ફોર્મ ભરવાનું રહેશે.

* નોંધઃ concern Scholarship scheme માં જે તેને લાગુ પડતી Higher education scholarship scheme, Research scholarship scheme યોજના પૈકી જે યોજનાનો લાભ લેવા માંગતા હોય તે સીલેકટ કરવાની રહેશે. યોજનાની વિગતવાર માહિતી પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે.

આમ આપના જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓએ તા.૩૦/૧૧/૨૦૧૮ પહેલાં ઓન લાઈન અરજી કરવાની રહેશે. ઓફ લાઈન મેન્યુઅલ અરજી પત્રકો અત્રે સ્વીકારવામાં આવતાનથી તેની જાણ સબંધિત વિધાર્થીઓને કરશો. તેમજ આપની કોલેજનો કોઈ વિધાર્થી ઉકત શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખીને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

Scanned by CamScanner